ક્રમાંક : હિસાબી–૨/ વહીવટી સેમિનાર/ ૨૦૧૮–૧૯/ ૮૭૧૫૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ– ૭ /૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
બનાસકાંઠા .જીલ્લો.

વિષયઃ–વહીવટી સંવર્ગના વર્ગ–૩ અને ૪ નું અંબાજી મુકામે વહીવટી વર્કશોપ સેમિનાર યોજવા પરવાનગી આપવા બાબત.

સંદર્ભઃ–૧.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘનો પત્રનં. ૦૫/૨૦૧૮–૧૯, તા.૨૬/૧૧/૨૦૧૮
૨.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘનો પત્રનં. ૦૭/૨૦૧૮–૧૯, તા.૭/૧૨/૨૦૧૮

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર–૧ થી બનાસકાંઠા જિલ્લામાં આવેલ બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ–૩ અને ૪ ના કર્મચારીઓનો વહીવટી સેમિનાર અંબાજી મુકામે યોજવા પરવાનગી માગતાં નીચે જણાવેલ શરતોને આધીન રહી તા. ૫ , ૬ જાન્યુઆરી–૨૦૧૯ ના રોજ મોદી ભુવન, ફુવારા સામે, અંબાજી, તા.દાંતા મુકામે આ વહીવટી વર્કશોપ સેમિનાર યોજવા મંજુરી આપવામાં આવેલ પરંતુ તા.૬/૧/૨૦૧૯ ના રોજ લોકરક્ષક દળની પરીક્ષાની તારીખ જાહેર થતાં સંદર્ભપત્ર–૨ થી તારીખોમાં ફેરફાર કરતાં તા.૧૨, ૧૩ જાન્યુઆરી–૨૦૧૯ ના રોજ વહીવટી વર્કશોપ સેમિનાર યોજવા માટે મંજુરી આપવામાં આવે છે.

૧: સદરહુ સેમિનારમાં વહીવટી બાબતો ઉપર ગહન ચર્ચા વિચારણા કરવાની રહેશે.
૨: સેમિનારમાં સમયસર નકકી કરેલા સમયમાં પૂર્ણ સમયની હાજરી આપવી ફરજીયાત રહેશે.
૩: સમય મર્યાદામાં ન આવનાર કર્મચારી પ્રવેશ પાત્ર રહેશે નહીં.
૪: સદરહુ સેમિનારમાં હાજર રહેનાર જેતે શાળાના વહીવટી કર્મચારીને પરિષદ માટેની લવાજમ ફી રૂ.૬૦૦/– અંકે રૂપિયા છસ્સો પુરા સરકારશ્રીના શિ.વિ.ના ઠરાવ તા.૨/૭/૯૯ ના પરિશિષ્ટ–૨ ની આઈટમ–૩૫ હેઠળ ગ્રાન્ટના હેતુ માટે ગ્રાહય રાખવાપાત્ર રહેશે. તથા આ અધિવેશનમાં હાજરી આપતા કર્મચારીના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ ઉપરોકત ઠરાવની જોગવાઈ અનુસાર ગ્રાન્ટને પાત્ર રાખવાપાત્ર થશે.
૫: દરેક શાળાના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, સદરહુ સેમિનારમાં આપની શાળાના કલાર્ક તેમજ સેવક સ્ટાફ અચુક હાજર રહે તે માટે તેઓને લેખિત સૂચના આપવી.
૬: વહીવટી સંઘના હોદ્દેદારશ્રીઓ તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ અધિવેશનના સ્થળે વ્યવસ્થા માટે અગાઉથી હાજર રહી શકશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાના જાણ સારૂઃ–
(૧) શ્રી કરશનભાઈ જે.વાઘેલા
પ્રમુખશ્રી,
બનાસકાંઠા જિલ્લા માધ્ય.શાળા વહીવટી કર્મચારી સંઘ
C/O શ્રીમતી રાજીબા કે.પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય, પાલનપુર.